*This Question Paper contains 8 printed pages.*
*(Sections - A, B, C & D)*

Sl.No. [redacted]

# 10 (G)

**(MARCH, 2023)**

---

*Time : 3 Hours]* *[Maximum Marks : 80*

<u>સૂચનાઓ :</u>

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ A, B, C અને D છે. તથા 1 થી 39 પ્રશ્નો છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુમાં અંક તેના ગુણ દર્શાવે છે.
5) સૂચના પ્રમાણે આકૃતિઓ સ્વચ્છ, સ્પષ્ટ અને પ્રમાણસર દોરવી.
6) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.
7) પ્રશ્ન - 39 નકશાપૂર્તિ ફરજિયાત છે. તેમાં ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે અલગ પ્રશ્નો છે.

---

## <u>વિભાગ - A</u>

**નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો. (દરેકનો 1 ગુણ)** **[16 × 1 = 16]**

• યોગ્ય જોડકાં જોડો. [3]

| | (A) | | (B) |
|---|---|---|---|
| 1) | મૌર્યયુગની ઊંધા કમળની આકૃતિ ઉપરના શિલ્પ | (A) | દેવાસુર સંગ્રામ |
| 2) | ભરતમુની | (B) | રંગપુર, રોઝડી |
| 3) | હડપ્પા | (C) | સિંહ અને વૃષભ |
| | | (D) | લારખાના જિલ્લો |

- **નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

4) વેદાંગ સાહિત્યમાં કર્મકાંડ, જ્યોતિષ, અને વ્યાકરણનો સમાવેશ થાય છે. [1]

5) અમને ચારે દિશાઓથી સારા અને શુભ વિચારો પ્રાપ્ત થાય આ સંદેશ સામવેદમાંથી લેવામાં આવ્યો છે.[1]

6) એક શિંગી ગેંડા મોટી સંખ્યામાં ગુજરાતમાં જોવા મળે છે. [1]

- **નીચેના પ્રશ્નોનાં સંક્ષિપ્તમાં જવાબ લખો.**

7) ચંબલ બહુહેતુક યોજના દ્વારા કયા રાજ્યોને લાભ મળે છે? [1]

8) ગામનું પાણી ગામમાં, સીમનું પાણી સીમમાં "વરસાદી પાણીનો સંગ્રહ કરી કયા ગામે પાણીની સમસ્યા ઉકેલી." [1]

9) એમોનીયા ગેસ, બેન્જોઈલ વગેરે ............ ના ઉપ ઉત્પાદનો છે. [1]

- **નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો.**

10) વ્યાપારતુલા હકારાત્મક બને તે માટે ભારત સરકારે ............ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. [1]

(મેઈક ઈન ઈન્ડિયા, સ્કીલ ઈન્ડિયા, પ્રોડક્ટ ઈન્ડિયા)

11) દિબ્રુગઢ થી કન્યાકુમારીને જોડતો રેલમાર્ગ ભારતનો સૌથી લાંબો રેલમાર્ગ છે જે ..............તરીકે જાણીતો છે. [1]

(ચેન્નઈ એક્સપ્રેક્ષ, આશ્રમ એક્સપ્રેક્ષ, વિવેક એક્સપ્રેક્ષ)

12) મગનભાઈ અને તેમના મિત્રો અનાથ આશ્રમમાં દર રવિવાર માનદસેવા આપે છે આ ............. પ્રવૃત્તિ છે. [1]

(આર્થિક, બિનઆર્થિક, મજૂરી)

- **નીચેના પ્રશ્નોના આપેલા વિકલ્પો માંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો.**

13) ............. ના કારણે મુડી અને ટેકનોલોજીને પ્રોત્સાહન મળે છે. [1]

(A) ઉદારીકરણ (B) નિજીકરણ

(C) સામાજીકરણ (D) વૈશ્વીકરણ

14) ખાદ્ય પદાર્થોની ગુણવત્તાનું નિયમન કરતી સ્વૈચ્છિક સંસ્થા કઈ છે? [1]

(A) BIS (B) ISO

(C) FPO (D) CAC

15) ડોક્ટરે મને બી.સી.જીની રસી લેવા માટે સલાહ આપે છે આ રસી મને ............. રોગ સામે રક્ષણ આપે. [1]

(A) ક્ષય (B) પોલિયો

(C) ઓરી (D) ડીપ્થેરીયા

16) જાહેર વિતરણ પ્રણાલીને વધુ સુદૃઢ બનાવવા નવી કઈ બાબતો અમલમાં મૂકી છે? [1]

(A) ડ્રાઈવિંગ લાઈસન્સ (B) એટીએમ કાર્ડ

(C) બાયોમેટ્રીક ઓળખ (D) ચૂંટણીનું ઓળખ પત્ર

## વિભાગ - B

- **નીચે દર્શાવેલ પ્રશ્નોના ટૂંકમાં 20 થી 30 શબ્દોમાં જવાબ લખો. (દરેકના 2 ગુણ)** [10 × 2 = 20]

17) દ્રવિડોએ આપણને કઈ ધાર્મિક પરંપરાઓ આપી હોવાનું મનાય છે. [2]

અથવા

17) ભારતીય વારસાનાં જતન અને સંરક્ષણ અંગે આપણી બંધારણીય ફરજો જણાવો.

18) પ્રાચીન ભારતનાં ચર્મ ઉદ્યોગનું મહત્ત્વ જણાવો. [2]

19) ખજૂરાહોનાં મંદિરો વિશે ટૂંકમાં માહિતી આપો. [2]

20) પાટણના પ્રાચીન સ્થાપત્ય વિશે માહિતી આપો. [2]

21) પર્યટન ઉદ્યોગથી થતાં લાભો જણાવો. [2]

22) વન સંરક્ષણ અંગેના કોઈ પણ ચાર ઉપાયો જણાવો. [2]

અથવા

22) જૈવ આરક્ષિત ક્ષેત્ર એટલે શું?

23) જળ વ્યવસ્થાપન માટે કયા મુદ્દા ધ્યાનમાં રાખવા જોઈએ. [2]

24) ખનીજ સંરક્ષણ માટેના કોઈ પણ ચાર ઉપાયો જણાવો. [2]

અથવા

24) આજના સમયમાં સૌર ઊર્જાની ઉપયોગિતા જણાવો.

25) ખાંડ ઉદ્યોગ વિશે ટૂંકમાં માહિતી આપો [2]

અથવા

25) પર્યાવરણીય અતિક્રમણને રોકવાના ઉપાયો જણાવો.

26) આતંકવાદની સામાજિક અસરો જણાવો. [2]

## વિભાગ – C

• **નીચે દર્શાવેલ પ્રશ્નોના મુદ્દાસર 50 થી 60 શબ્દોમાં જવાબ લખો. (દરેકના 3 ગુણ)** [8 × 3 = 24]

27) પ્રાચીન યુગથી ભારત નગર આયોજનમાં નિપુણ રહ્યું છે, આ વાક્ય સાબિત કરો. [3]

અથવા

27) મોઢેરાનું ભવ્ય સૂર્યમંદિર વિશે ટૂંકનોંધ લખો.

28) ચંદ્રગુપ્ત મૌર્યના ગુરુ ચાણક્યે અને ખુદ ચંદ્રગુપ્ત મૌર્ય અહી શિક્ષણ લીધું હતું આ પ્રાચીન ઐતિહાસિક વિદ્યાપીઠનું વિગતે ગર્ણન કરો. [3]

29) નીચેના શબ્દોનો અર્થ સમજાવો. [3]

(1) રાષ્ટ્રીય સંસાધન

(2) લેટેરાઈટ જમીન

(3) જમીન ધોવાણ

30) સમાજવાદી પધ્ધતિનાં લક્ષણો અને તેના લાભો જણાવો. [3]

અથવા

30) ભારતીય અર્થકારણના માળખા વિશે માહિતી આપો.

31) સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા સંચાલીત વિશ્વવ્યાપાર સંગઠનના ધ્યેયો અને કાર્યો જણાવો. [3]

32) ઉત્પાદકો અને વેપારીઓ દ્વારા ગ્રાહકોનું વિવિધ રીતે શોષણ થાય છે કારણો જણાવો. [3]

અથવા

32) જો ગ્રાહકને કોઈ માલ કે સેવામાં ત્રુટિ કે ખામી જણાય તો ફરિયાદ કેવી રીતે કરશો?

33) ભારત સરકાર દ્વારા મહિલા શોષણ અટકાવવા ક્યા પગલાં ભરવામાં આવ્યા છે? [3]

34) સાંપ્રદાયિક્તા એ વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના વિકાસને અવરોધતુ પરિબળ છે તેને રોકવા શું પગલાં લેવા જોઈએ [3]

## વિભાગ – D

- **નીચે દર્શાવેલ પ્રશ્નોના સવિસ્તાર 100 થી 120 શબ્દોમાં જવાબ લખો. (દરેકના 4 ગુણ)** [5 × 4 = 20]

35) પ્રાચીન કાળથી ભારત ગણિતશાસ્ત્રમાં ખૂબ જ પ્રગતિ સાધી છે તેને વિસ્તાર પૂર્વક જણાવો. [4]

અથવા

35) પ્રાચીન ભારતનું વાસ્તુશાસ્ત્ર ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન છે આ વાક્ય સિધ્ધ કરો.

36) ભારતમાં કૃષિક્ષેત્રે થયેલા સંસ્થાનગત સુધારા જણાવો. [4]

37) ગરીબી ઉદ્ભવવાનાં કારણોની ચર્ચા કરો. [4]

અથવા

37) ભારતમાં બેરોજગારીના સ્વરૂપોની ચર્ચા કરો.

38) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો 2013 શું છે? અને તેના હેતુઓ જણાવો. [4]

39) ભારતનાં રેખાંકિત નકશામાં નીચેની વિગતો આપેલા નકશામાં યોગ્ય સંજ્ઞાઓ વડે યોગ્ય સ્થાને દર્શાવો. [4]

(1) રાષ્ટ્રીય ઉદ્યાન દચીગામ

(2) કોફી ઉત્પન્ન કરતો એક પ્રદેશ

(3) રાઉરકેલા લોખંડ પોલાદ સંકુલ

(4) રાષ્ટ્રીય જળમાર્ગ – 2 બ્રહ્મપુત્ર નદી ધુબ્રીથી સાદિયા

<u>ફક્ત અંધ ઉમેદવારો માટે.</u>

(1) રાષ્ટ્રીય ઉદ્યાન દચીગામ કયા રાજ્યમાં આવેલ છે?

(2) ભારતમાં કયા રાજ્યમાં સૌથી વધુ કોફીનું ઉત્પાદન થાય છે?

(3) રાઉરકેલા પોલાદ સંકુલ કયા રાજ્યમાં આવ્યું છે?

(4) ભારતમાં સૌથી લાંબો જળમાર્ગ કયો છે અને કેટલા કિ.મી. નો છે?